# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા : ૨/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. **સેક્રેટરી**)

---

# એડવોકેટ કિરીટ પાનવાલાએ હત્યારાને બચાવવાની વકીલોની નીતિમત્તા તેમજ આત્મહત્યાની દુષ્પ્રેરણાના ગુના વિશે સમજણ આપી

## <u>ચેમ્બર દ્વારા 'ફોજદારી કાયદાઓનું અર્થઘટન' વિષય ઉપર બીજી વખત વેબિનાર યોજાયો</u>

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૩૧ મે, ૨૦૨૧ના રોજ 'ફોજદારી કાયદાઓનું અર્થઘટન' વિષય ઉપર બીજી વખત વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરતના જાણીતા એડવોકેટ કિરીટ પાનવાલાએ હત્યાના ગુનાની નીતિમત્તા તેમજ આત્મહત્યાની દુષ્પ્રેરણા વિશે સમજણ આપી હતી.

એડવોકેટ કિરીટ પાનવાલાએ જણાવ્યું હતું કે, વકીલો માટે નીતિમત્તાની વાતો જુદા પ્રકારની હોય છે. કારણ કે, તેઓ પ્રોફેશનલ એથિકસથી બંધાયેલા છે. દા.ત. કોઇએ ખૂન કર્યુ છે તો તેનો કેસ લડવા માટે વકીલ હા પાડે તો એને તેનું પ્રોફેશનલ કોમ્યુનિકેશન કહેવાય છે. એની હકીકત કોર્ટ અથવા બીજી કોઇ વ્યકિતને નહીં કરી શકાય. સામાન્ય પ્રજાને એવું જ લાગે કે આ વકીલ ખૂનીનો કેસ લડે છે પણ વકીલ તરીકે તે એની ફરજ છે કે પ્રોફેશનલ એથિકસનું ભંગ ન કરે. આ આખી સિસ્ટમ રોમન – જર્મનીક લો તથા કોમન લોમાંથી આવેલી છે. આથી અસિલ દ્વારા ખાનગીમાં જે વાત કરવામાં આવી હોય તેને ગુપ્ત રાખીને કેસ લડી તેને બચાવવાનો હોય છે.

તેમણે જણાવ્યું હતું કે, નાની નાની વાતોમાં ખોટું લાગી જવાથી કેટલાક લોકો આત્મહત્યા કરી લેતા હોય છે. જ્યારે કેટલાક લોકો વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી જઇને જીવન ટૂંકાવી લેતા હોય છે. કાયદા અનુસાર જે વ્યકિત આત્મહત્યા કરે છે તેની સામે પણ ૩૦૯ કલમ હેઠળ ગુનો બને છે. મુંબઇ હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં ચાલેલા એક કેસમાં એવી દલીલો કરાઇ હતી કે, બંધારણે લોકોને રાઇટ ટુ લાઇવ આપવામાં આવ્યો છે. આથી જેને જીવવું હોય એ જીવે અને જેને મરવું હોય એ મરી શકે. એટલે આત્મહત્યા કરનાર વ્યકિતની સામે ૩૦૯ની કલમ હેઠળ ગુનો દાખલ કરવો ગેરકાયદેસર છે. આ અંગે સુપ્રિમ કોર્ટે રિવર્ટ કરીને કહયું હતું કે આત્મહત્યા કરનાર વ્યકિત સામે ૩૦૯ કલમ મુજબ ગુનો બને છે.

તેમણે આત્મહત્યાની દુષ્પ્રેરણાના ગુનાની વિસ્તૃત સમજણ આપી આપી હતી. તેમણે કહયું કે, બીજી વ્યકિત આપઘાત માટે મદદગારી આપે છે ત્યારે તેની સામે ૩૦૬ કલમ હેઠળ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ થાય છે. સુરતમાં છાશવારે આવા કેસ બનતા હોય છે. જો કે, આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરવા માટે આપઘાત સાબિત થવો જોઇએ અને આપઘાત સાબિત થયા બાદ બીજાએ તેને આપઘાત કરવા માટે ઉશ્કેર્યા હોવાનું એટલે કે તેને આત્મહત્યા કરવા  પ્રેરીત કર્યો હોવાનું અથવા કાવતરું કર્યું હોવાનું સાબિત થવું જોઇએ.

કેટલાક કિસ્સામાં વ્યકિત સ્યુસાઇડ નોટમાં નામ લખીને આપઘાત કરી લે છે. પરંતુ સ્યુસાઇડ નોટમાં નામ લખેલું હોય એટલે ગભરાવવાની જરૂર નથી. તેમણે અર્નબ ગોસ્વામી સામે થયેલા કેસને ટાંકીને જણાવ્યું હતું કે, જેઓએ આપઘાત કર્યો હતો તેઓની પાસે પોલીસ પાસે જવાનો તેમજ ફરિયાદ કરવાનો રસ્તો હતો. એકમાત્ર આપઘાત કરવાનો જ અંતિમ રસ્તો તેમના માટે રહયો હોય તેવું ન હતું. જે કેસમાં આપઘાત કરી લેનાર વ્યકિતને આત્મહત્યા સિવાય કોઇ વિકલ્પ બાકી નહીં રાખ્યો હોય ત્યારે જે તે વ્યકિત સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો બને છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે હીટ એન્ડ રનના કેસ અંગે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું.